# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૨૫/૧/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી જનરલ )

---

# ચેમ્બર દ્વારા 'સુરત ઈન્ટરનેશનલ ઓટો એક્ષ્પો–૨૦૧૯' ચાર દિવસીય પ્રદર્શનનો આજથી ભવ્ય પ્રારંભ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર અને ઉદ્યોગ કમિશનરશ્રી, ગુજરાત સરકારના સંયુકત ઉપક્રમે 'સુરત ઈન્ટરનેશનલ ઓટો એક્ષ્પો–૨૦૧૯'નો ઉદ્‌ઘાટન સમારોહ સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયો હતો. જેમાં અતિથિ વિશેષ તરીકે નેશનલ સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ (એન.એસ.આઇ.સી., અમદાવાદ)ના ઝોનલ જનરલ મેનેજર શ્રી પી.કે. ઝા તથા માનનીય સાંસદ શ્રી સી.આર. પાટીલ અને શ્રીમતી દર્શનાબેન જરદોશ તેમજ કામરેજના વિન્ટેજ કારના પ્રિઝર્વર એન્ડ કન્ઝર્વેટર શ્રી કે.કે. પટેલ અને યસ બેન્કના પ્રેસિડેન્ટ શ્રી અર્જુન ક્રિષ્ણન અને એકઝીકયુટીવ વાઇસ પ્રેસિડેન્ટ શ્રી ખુશરો અંકલેશ્વરીયા ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ તમામને આવકાર્યા હતા અને પ્રારંભીક ઉદ્‌બોધન કર્યુ હતુ. તેમણે કહયુ હતુ કે ચેમ્બર દ્વારા યોજાતા ઔદ્યોગિક પ્રદર્શનોની વિવિધ શ્રેણીઓ વચ્ચે ઓટો એક્ષ્પો શ્રેણીનુ આ પાંચમુ પ્રદર્શન છે. ગુજરાત જયારે ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીના હબ તરીકે પ્રસ્થાપિત થઈ રહયું છે ત્યારે દક્ષિણ ગુજરાત કન્ઝયુમર તરીકે લીડર છે. ઓટો એક્ષ્પો જેવા એક જ પ્લેટફોર્મ ઉપર ફોર વ્હીલ્સ અને ફોર વ્હીલ્સમાં આટલી બધી વેરાયટી જોવા મળતી હોય તો દક્ષિણ ગુજરાતની ઓટો ઇન્ડસ્ટ્રીનું સદ્‌ભાગ્ય છે.

નેશનલ સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના ઝોનલ જનરલ મેનેજર શ્રી પી.કે. ઝાએ જણાવ્યુ હતુ કે વિશ્વમાં ભારત ફોર્થ લાર્જેસ્ટ ઓટો સેલર બન્યો છે. વર્ષ ૨૦૧૬–૧૭માં મંદીના માહોલમાં પણ ભારતમાં ચાર લિમ્બોર્ઘીની વેચાઇ હતી. ફાર્માસ્યુટીકલ અને ઓટો સેકટરમાં ભારતે ખૂબ જ પ્રગતિ કરી છે. જેને કારણે દેશનો જીડીપી ગ્રોથ

વધ્યો છે અને ઇકોનોમિકલ ડેવલપમેન્ટ પણ થયુ છે. ચેમ્બરના ઓટો એક્ષ્પોના ફર્સ્ટ વર્ઝનમાં પણ અમે હતા. ઓટો એક્ષ્પો સુરતમાં સફળતા શીખરે પહોંચ્યુ છે અને બ્રાન્ડ બની ગયુ છે. ગુજરાત માટે સૌથી મોટુ પ્રદર્શન છે. આથી ચેમ્બરને અમે શુભેચ્છા પાઠવીએ છે.

સાંસદ શ્રી સી.આર. પાટીલે ચેમ્બરને શુભકામના પાઠવતા જણાવ્યુ હતુ કે, ઔરંગાબાદમાં એકસાથે ૧૫૦ જેટલી મર્સિડીઝ વેચાઇ હતી. આથી સુરતમાં પણ એકસાથે ૧૦૦ જેટલી ફરારી વેચાય એ દિશામાં આ ઓટો એક્ષ્પોને લઇ જવાનુ છે.

સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશે જણાવ્યુ હતુ કે, દેશમાં દિલ્હી બાદ બીજા ક્રમે સુરતમાં ઓટો એક્ષ્પોનું આયોજન કરવામાં આવી રહયુ છે. ચેમ્બર, આ ઓટો એક્ષ્પોમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી રહયુ છે. હવે તો સુરતમાં પહેલી મોંઘી ગાડી કોણ લાવશે તેની હોડ લાગી રહી છે. સુરતમાં ગાડીઓ વધશે તો સુરતની સમૃદ્ધિમાં વધારો થશે.

કામરેજના વિન્ટેજ કારના પ્રિઝર્વર એન્ડ કન્ઝર્વેટર શ્રી કે.કે. પટેલે જણાવ્યુ હતુ કે તેમની પાસે ૧૬૮ જેટલી વિન્ટેજ ગાડીઓનું કલેકશન છે. જેમાંથી ૧૨ વિન્ટેજ કાર આ ઓટો એક્ષ્પોમાં પ્રદર્શનમાં મુકવામાં આવી છે. આ બધી જ વિન્ટેજ કાર ચાલુ કન્ડીશનમાં છે. એના સ્પેરપાર્ટ્સ માત્ર લંડન અને અમેરિકામાં જ મળી રહે છે.

યસ બેન્કના એકઝીકયુટીવ વાઇસ પ્રેસિડેન્ટ શ્રી ખુશરો અંકલેશ્વરીયાએ યશ બેન્કની એમએસએમઇ સર્વિસ વિશે માહિતી આપી હતી.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી કેતન દેસાઇએ આમંત્રિત મહેમાનો તથા ઉપસ્થિત તમામનો આભાર માની ઉદ્દઘાટન સમારોહનું સમાપન કર્યુ હતુ.

---

## ઓટો એક્ષ્પોમાં નવી પાંચ કાર લોન્ચ કરાઇ

ચેમ્બર દ્વારા યોજાયેલા સુરત ઈન્ટરનેશનલ ઓટો એક્ષ્પો ૨૦૧૯માં પાંચ નવી કારોને લોન્ચ કરવામાં આવી હતી. ઓટો એક્ષ્પોમાં અતિથિ વિશેષ તરીકે પધારેલા શ્રી પી.કે. ઝા તથા માનનીય સાંસદ શ્રી સી.આર. પાટીલ અને શ્રીમતી દર્શનાબેન જરદોશના વરદ હસ્તે નવી પાંચ કારોનું લોન્ચીગ કરવામાં આવ્યુ હતુ. આ કારોમાં ટાટા કંપનીની HARRIER, મહેન્દ્રા કંપનીની XUV 300 N8, BMW X4, નિસાન કંપનીની KICKS અને મારૂતી કંપનીની WAGON R ને લોન્ચ કરવામાં આવી હતી.

---

## ઓટો એક્ષ્પોમાં સુપર કાર્સ, વિન્ટેજ કાર અને બાદશાહો ફિલ્મમાં ઉપયોગમાં લેવાયેલી આર્મીનો ટ્રક આકર્ષણનું કેન્દ્ર

ચેમ્બર દ્વારા યોજાયેલા સુરત ઈન્ટરનેશનલ ઓટો એક્ષ્પો ૨૦૧૯માં વિશ્વની મોંઘી કારો પ્રદર્શન માટે મુકવામાં આવી છે. ઓટો એક્ષ્પોના ચેરમેન શ્રી મેહુલ દેસાઈએ જણાવ્યુ હતુ કે ઓટો ઇન્ડસ્ટ્રીના વિકાસ માટે ચેમ્બર દ્વારા આ

પાંચમો પ્રયાસ કરવામાં આવ્યો છે. ઓટો એક્ષ્પોમાં સુપર કાર્સ પ્રદર્શિત કરવામાં આવી છે. જેમાં વિશ્વમાં સૌથી મોંઘી ટેસ્લા, ફરારી અને લિમ્બોર્ઘીની જેવી કારોનો સમાવેશ થાય છે. તેમણે વધુમાં કહયુ હતુ કે ઓટો એક્ષ્પોમાં આશરે ૭૦ જેટલી કાર અને ૬૦ જેટલી મોટરસાયકલ પ્રદર્શિત કરવામાં આવી છે. બીએમડબ્લ્યુની રૂપિયા ૨૭ લાખ અને હાર્લી ડેવિડસનની રૂપિયા ૬૦ લાખની કિંમતની મોટરસાયકલ પ્રદર્શનમાં મુકવામાં આવી છે. જયારે કારમાં મારૂતિની રૂપિયા સાડા ચાર લાખથી લઇને રૂપિયા સાડા ત્રણ કરોડ સુધીની મોંઘી કારનો સમાવેશ થાય છે. ઓટો એક્ષ્પોમાં ૧૨ જેટલી વિન્ટેજ કાર પણ પ્રદર્શનમાં મુકવામાં આવી છે. સાથે જ બાદશાહોમાં ફિલ્મમાં ઉપયોગમાં લેવામાં આવેલી આર્મીની ટ્રક પણ પ્રદર્શનમાં મુકવામાં આવી છે.

---

## ઓટો એક્ષ્પોમાં સ્ટન્ટ બાઇકીગ અને ફેશન શો યોજાશે

ચેમ્બર દ્વારા યોજાયેલા સુરત ઈન્ટરનેશનલ ઓટો એક્ષ્પોમાં શનિવારે, તા. ૨૬ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ સાંજે ૬:૩૦ કલાકે વ્હીલ્સ ઓન રેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં વિવિધ કંપનીઓની મોંઘી કાર અને મોટરસાયકલ રેમ્પ ઉપર પ્રદર્શિત કરવામાં આવશે. આ ઉપરાંત દિવસ દરમિયાન સ્ટન્ટ બાઇકીગ પણ કરવામાં આવશે.

---